**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# બેંક ખાતાની વિગતો માંગીને સે-૬નાં ખાતેદાર સાથે છેતરપીંડી કરાઈ

**ફોન પર પાસવર્ડ માંગીને તબક્કાવાર રૂા. ૩૮,૯૦૦ ખાતેદારના બેંક ખાતામાંથી ઉપાડી લેવાતા પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સંખ્યાબંધ બેંક ખાતેદારો એટીએમ ફ્રોડ કરતી ગેંગના સકંજામાં આવી ચુક્યા છે. ફોન કરીને ખાતેદારને વિશ્વાસમાં લઈ બેંક ખાતાની સંપૂર્ણ વિગતો તતા વન ટાઈમ પાસવર્ડ સહિતની વિગતો મેળવી લઈ તેના ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી ગેંગ હાલ તરખાત મચાવાઈ રહી છે. ત્યારે શહેરના સેકટર-૬નો વધુ એક બેંક ખાતેદાર આ ગેંગનો ભોગ બન્યો હોવાનું પોલીસ રેકર્ડ ઉપર આવ્યું છે.

શહેરના સેકટર-૬બી પ્લોટ નં. ૧૮૦/૧ ખાતે રહેતા ચેતનભાઈ રૂદ્રપ્રસાદ ઓઝા, ૨૮મી જાન્યુઆરીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે હતા ત્યારે એક મોબાઈલ નંબર ઉપરથી ફોન આપ્યો હતો. ચેતનભાઈને ફોન પર વિશ્વાસમાં લઈને બેંકના કર્મચારી તરીકેની ઓળક આપી બેંક ખાતાની તથા પાસવર્ડ સહિતની સંપૂર્ણ વિગતો મેળવી લીધી હતી. ત્યારબાદ ચેતનભાઈના બેંક ખાતામાંથી તબક્કાવાર રૂા. ૩૮,૯૦૦ ઉપાડી ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે છેતરપીંડીનો ભોગ બનનાર ચેતન ઓઝાએ સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ માટેની ગતિવીધી તેજ કરી છે. જો કે જે મોબાઈલ નંબર્સ ઉપરથી ફોન આવ્યા હતા તે નંબર્સની ડીટેઈલ નિકાળી તેના માલિક સુધી પહોંચવા હાલ કાર્યવાહી ચાલી રહી છે પરંતુ મોટા બાગના આવા કેસમાં સીમકાર્ડ બોગસ નામના હોવાનું આ પ્રકારના ગુનાઓની વિવિધ તપાસોમાં બહાર આવતું હોવાની નંબર્સ ડીટેઈલમાં કોઈ કડી મળે તેવી શક્યતાઓ નહીંવત હોય છે...!



ગાંધીનગર સિવિલ ડિફેન્સ દ્વારા શેઠ સી. એમ. હાઈસ્કુલના વાર્ષિકોત્સવ નિમિત્તે ખાતે ૧૨ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન ત્રિ-દિવસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમના પ્રથમ દિવસે કૌશલ જાની દ્વારા વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર વખતે કરવામાં આવતી બચાવ કામગીરીની માહિતી આપી હતી. આ ઉપરાંત હેમરેડીયોની માહિતી અને ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યુ હતું. તાલીમ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને ફાયર-સેફટી વિષેની તાલીમ આપી હતી.

## આજે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ચાલતી શિવકથામાં આજે નવા નરોડા-અમદાવાદ ખાતે બપોરપે ૩ થી ૬ કલાકે 'સુંદરકાંડ પાઠ'નું આયોજન કરવામાં આવ્યું છે. ધર્મપ્રેમી જનતાને સુંદરકાંડ પાઠનો લાભ લેવા માટે ધર્મપ્રેમી પ્રજાને આમંત્રણ આપવામાં આવે છે.

# સબજુનિયર નેશનલ વૉલીબોલમાં ગુજરાતની ટીમને બ્રોન્ઝ મેડલ

**સાઈ ગાંધીનગર ખાતે તાલીમ લઈ રહેલ બોયઝ ટીમ તૃતીય સ્થાને અને ગર્લ્સ ટીમ ચતુર્થ સ્થાને વિજેતા બની**



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતેના સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાના સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરના તાલિમાર્થી ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાની વૉલીબોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો છે. રાજસ્થાનના ચિરાવા ખાતે તાજેતરમાં યોજાયેલ ૪૦મી સબ જુનિયર નેશનલ ચેમ્પિયશીપમાં આઈએસટીસીની બૉયઝ ટીમ તૃતીય સ્થાને વિજેતા બની હતી જયારે ગર્લ્ડ ટીમ ચતુર્થ સ્થાને રહી હતી.

વૉલીબોલની ૪૦મી સબ જુનિયર નેશનલ ચેમ્પિયનશીપમાં સાઈના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ ટુર્નામેન્ટમાં બૉયઝ કેટેગરીમાં યજમાન રાજસ્થાને પ્રથમ, આંધ્રપ્રદેશે દ્વિતીય અને ગુજરાતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સાઈ ગાંધીનગર ખાતેની આ તાલીમાર્થી ગુજરાત ટીમને બ્રોન્ઝ મેડમથી સન્માનવામાં આવી હતી. આ સાથે ગર્લ્સ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે પશ્ચિમ બંગાળ, દ્વિતિય ક્રમાંકે તમિલનાડુ, તૃતીય ક્રમાંકે કેરળ અને ચતુર્થ સ્થાને ગુજરાતની ટીમ વિજેતા બની હતી. બૉયઝ અને ગર્લ્સ બંને ટીમને સાઈ ગાંધીનગરના એસટીસી ખાતે મુખ્ય કોચ પલાની એલ તથા સહાયક કોચ મોહંમદ અયાઝ કુરેશી દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. સાઈના ડેપ્યુટી ડાયરેકટર સહિત પ્રશિક્ષકો ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## @ગાંધીનગર

- પ્રગતિશીલ લેખક સંઘ દ્વારા પુરુષોત્તમ પોમલ લિખીત પુસ્તક 'શાહજાદી ફીરોજા' વિમોચન બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલ, ફાર્મસી કૉલેજ કેમ્પસ, ઘ-૬ સર્કલ પાસે સેકટર-૨૩ ખાતે બપોરે ૩ કલાકે યોજાશે.
- દલિત પંચાયત પરિષદ દ્વારા પાટણના ભાનુભાઈ વણકર એ કરેલા આત્મવિલોભનને કારણે કલેકટરને આવેદનપત્ર આપવાનું હોવાથી સમગ્ર દલિત સમાજને બપોરે ૨ વાગ્યે સત્યાગ્રહ છાવણી સેકટર-૬ ખાતે હાજર રહેવા હિતેશ ઝાલાએ જણાવ્યું છે.

## કલાકુંભમાં બાળકોએ દોરેલા ચિત્રોનું પ્રદર્શન-વેચાણ

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત ક્રિએટીવ ઝોન અંતર્ગત 'કલાકુંભ' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક અભિવ્યક્તિને ચિત્રો દ્વારા ખીલવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓએ કેનવાસ પર પેઈન્ટિંગ કરી પોતાની ક્રિએટીવીટીને એક જીવંત સ્વરૂપ આપ્યુ હતુ. આ સુંદર અલૌકિક ચિત્રોનું પ્રદર્શન તેમજ વેચાણ તા. ૧૭ અને ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન સવારે ૯ થી ૫ દરમિયાન કડી કેમ્પસ, સે. ૨૩, પીટીસી હોલમાં રાખેલ છે. પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવનાર છે. તમામ આમંત્રીતો વિદ્યાર્થીઓની આ ઉત્કૃષ્ઠ કલાકૃતિને અમૂલ્ય ભાવે વેચાણથી ખરીદીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આમંત્રિતોએ ગેટ નંબર-૫ પરથી પ્રવેશ મેળવવાનો રહેશે.

# સેક્ટર-૨૩ ખાતે ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૨૩ સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓ સાહિત્યના લુપ્ત થઈ રહેલા સ્વરૂપોથી પરિચિત થાય તે હેતુથી આજે લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

અત્યારના સમયમાં લગ્નોત્સવની ધૂમ-ધામથી ઉજવણી કરવામાં આવે છે. વર-વધૂના પોશાકથી માંડીને લગ્નમંડપ તથા ડી.જે. માટે લખલુટ ખર્ચ કરવામાં આવતો હોવા છતાં લગ્નપ્રસંગોમાં ફિકાશ જોવા મળે છે. પહેલાના સમયમાં ગવાતા ફટાણાં હવે વિસરાતા જાય છે ત્યારે સમાજમાં આ પરંપરાને જીવંત રાખવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. બીજી તરફ આગામી પેઢીઓ અને આવતા યુવાવર્ગમાં લગ્નગીત તેમજ લોકગીતની કળા વધુ જીવંત રહે તે માટે નગરમાં વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓને જોડીને પ્રોત્સાહીત રાખવાનો અભિગમ જોવા મળી રહ્યો છે.

સેક્ટર-૨૩ ખાતે યોજોયલી સ્પર્ધામાં વિવિધ શાળા-કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પહેલુ મંગળ, દીકરી તો પારકી થાપણ, રૂડી આંબલીયાની ડાળ જેવા ગીતોની રમઝટ બોલાવી હતી. સ્પર્ધામાં એ.એ. પટેલ કોમર્સ કોલેજના સુઘડ સ્વપ્રીલ અને આર.જી. કન્યા વિદ્યાલયની માકાણી હસ્તી પ્રથમ સ્થાને તથા એ.એસ. પટેલ કોલેજના વસાવા રાહુલ બીજા સ્થાને આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જીજ્ઞેશ શુકલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેમ્પસ ડાયેરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, પ્રો. વીણા પટેલ, નરેન્દ્ર નાયી સ્પર્ધાના સાક્ષી બન્યા હતા.

# સેક્ટર-૨૪ ખાતે એસિડ એટેક વિષયક કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે રવિ ગ્રુપ ટ્યુશન સે. ૨૪ ખાતે એસિડ એટેક વિષયક એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ આજના સમયમાં વધી રહેલા એસિડ એટેક અંગે તથા ભોગ બનનાર વ્યક્તિને સારવાર માટે મળતી કાનૂની સહાય અને ગુનેગારને તે માટે થતી સજાની જોગવાઈઓ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, સુધીર દેસાઈએ ભારતીય ફોજદારી ધારાની કલમોમાં આ અંગે વર્ષ-૨૦૧૩માં





થયેલા સુધારા અંગેની જાણકારી આપી હતી. પી.એલ.વી. વિમળાબેન અયાચીએ શિબિરમાં કાનૂની સહાયની વિગતો આપી હતી. શિબિરમાં મુખ્ય મહેમાનપદે સંચાલક નિશિથ વૈષ્ણવ તથા ઉંઝા કોલેજના પ્રાધ્યાપક કલ્યાણી વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા.

# મગોડી રોડ ઉપર બાઈક ઝાડ સાથે ધડાકાભેર ટકરાતા એકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૬

ચિલોડા નજીક ઈસનપુર મોટા ગામથી મગોડી ગામ તરફ મગોડી ગામા ત્રણ યુવાન મિત્રો પલ્સર બાઈક લઈ જઈ રહ્યા હતા. ત્યારે આજે બપોરના સુમારે આ બાઈક ચાલકે અચાનક કાબુ ગુમાવી દેતા રોડની સાઈડમાં સંતોષી માતાજીના મંદિર પાસે તેનું બાઈક ઝાડ સાથે ટકરાઈ ગયું હતું. આ અકસ્માતમાં બાઈક સવાર એક યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. જયારે અન્ય બે ઈજાગ્રસ્ત યુવા મિત્રો ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ છે. ચિલોડા પોલીસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મગોડી ગામમાં રહેતા ત્રણ મિત્રો આજે પલ્સર બાઈક ઉપર ઈસનપુર મોટા ગામ તરફથી મગોડી તરફ આવી રહ્યા હતા. બપોરે એક વાગ્યાના અરસામાં ઈસનપુર મોટાથી મગોડી વચ્ચે સંતોડી માતાજીના મંદિર નજીક પલ્સર બાઈક એક ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણેય ઘાયલ યુવા મિત્રોને હોસ્પિલલ ખાતે સારવાર અર્થે તાત્કાલિક ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી ૩૪ વર્ષીય બિહોલા અરવિંદસિંહ દોલાજીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ અન્ય બે ઘાયલ યુવાન મિત્રો ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ હોવાનું જાણવા મળ્યું છે. ચિલોડા પોલીસ મથકના જમાદાર દિનેશભાઈએ બાઈક ચાલક સામે ગુનો દાખલ કરીને મૃતક અરવિંદસિંહનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટના અંગે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# ધણપની ફાર્મસી કોલેજ ખાતે ટેલેન્ટાઈન ૨૦૧૮ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ધણપમાં આવેલી સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ



ઓફ ફાર્માસ્યુટીકલ દ્વારા ચાર દિવસીય સ્પોર્ટસ વિષયક પ્રોગ્રામ 'ટેલેન્ટાઈન-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓફિસર ડૉ. કમલ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. કમલે જીવનમાં સ્પોર્ટસની જરૂરિયાત તથા સ્પોર્ટ્સને લગતા કોર્ષ વિશે માહિતી આપી હતી. ટેલેન્ટાઈન-૨૦૧૮માં રમતગમત, રંગોળી, મહેંદી, પોસ્ટર કોમ્પીટીશન, નોન ગેસ કુકિંગ, બ્લડ ડોનેશન કેમ્પ તથા થેલેસેમિયા ટેસ્ટીંગ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૨૩ વિદ્યાર્થીઓ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ૫૧ જેટલા વિદ્યાર્થીઓનું થેલેસેમિયા ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે અત્યારે જ્યારે કોલેજોમાં ચોકલેટ કે, રોજ ડે જેવા ડે ઉજવવામાં આવતા હોય છે ત્યારે ટેલેન્ટાઈન ૨૦૧૮માં ફ્રીડમ ફાઈટર ડે, રીજીઓનલ કલ્ચરલ ડે તથા સેમેસ્ટર ડે જેવા ડે ઉજવીને સંસ્થાએ રાષ્ટ્રભાવનાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું છે.

# ખ - માર્ગ ઉપર પલ્સરની ટક્કરથી ઈટર્નો ચાલક યુવાનનું મૃત્યુ

**રોંગ સાઈડથી બેફામ ગતિએ આવેલા પલ્સર ચાલકે ઈટર્નોને ટક્કર મારી હતી**

ગાંધીનગર, તા. ૧૬

શહેરના ખ-માર્ગ પરથી પસાર થઈ રહેલા સેકટર-૩ ના યુવાનના ઈટર્નો સ્કૂટરને ખ-૨થી ખ-૧ તરફ રોંગ સાઈડથી આવી રહેલા પલ્સર ચાલકે ધડાકાભેર ટક્કર મારતા ઈટર્નો ચાલક ગંભીર રીતે ઘવાયો હતો. અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ યુવાનનું આજે સારવાર દરમિયાન કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ અકસ્માત સર્જીને બાઈક સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. સેકટર-૭ પોલીસે અજાણ્યા પલ્સર ચાલક સામે ગુનો દાખલ કરીને કેમેરાની મદદથી આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. મળતી માહિતી મુજબ સેકટર-૩એ ખાતે રહેતા વસંતભાઈ આત્મારામ પરમાર ગઈ કાલે સવારે તેમનું ઈટર્નો સ્કૂટર નં. જીજે.૧૮.એલ.૬૮૯૬ લઈને સરગાસણ ચોકડી ખ-૦થી ખ-૨ તરફ જઈ રહ્યો હતો. ખ-૨થી ખ-૦ તરફ રોંગ સાઈડમાં બેફામ ગતિએ આવી રહેલા એક પલ્સર ચાલકે સામેથી ઈટર્નોને જબરદસ્ત ટક્કર મારતા ઈટર્નો સાથે વસંતભાઈ ફંગોળાઈને પટકાતા માથાના ભાગે તેને ગંભીર ઈજાઓ થઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત યુવાનને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો તો બીજી તરફ અકસ્માત કરનાર પલ્સર ચાલક પલ્સર સાથે રફુચક્કર થઈ ગયો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પ્રાથમિક સરકાર આપી તબીબોએ ઘાયલ વસંત પરમારને નાજુક તબીયતને પગલે અમદાવાદ રીફર કરવાની સલાહ આપતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આજે હોસ્પિટલમાં જ તેનું સારવાર દરમિયાન કરુણ મૃત્યુ નિપજ્યું હતું. સેકટર-૭ પોલીસે સેકટર-૧૩એમાં રહેતા મેહુલ ડાહ્યાભાઈ રાજની ફરિયાદ આધારે અજાણ્યા આરોપી પલ્સર ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ આર.એન. વાઘેલાએ તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે**

# આયુર્વેદ – હોમિયોપેથીનો મેગા નિદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા આજરોજ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામ ખાતે મેગા આયુર્વેદ – હોમિયોપેથી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા કેમ્પમાં ૮૬૬ દર્દીઓનું વિવિધ રોગોનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવ્યું હતું.

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે યોજાયેલ કેમ્પને દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગભાઈ દેસાઈના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં મહાનુભાવોએ જાલંધર બંધથી હલતા દાંત પાડવાની ચિકિત્સા, સાંધાના દુખાવાનું અગ્નિકર્મ ચિકિત્સાનું નિદર્શન નિહાળ્યું હતું. આ કેમ્પનો ૮૬૬ દર્દીઓએ લાભ લીધો હતો

## શાહજાદી ફીરોઝાની ગુજરાતી આવૃતિનુ લોકાર્પણ કરાશે

ગાંધીનગર તા ૧૬


પ્રગતિશીલ લેખક સંઘ ગુજરાત રાજય સમિતિ દ્વારા આજે બપોરે ૩ કલાકે સે-૨૩ સ્થિત બ્રહ્માણી હોલ ખાતે પુરુષોત્તમ પોમલ દ્વારા રચિત શાહજાદી ફીરોઝા ઉપન્યાસની ગુજરાતી આવૃતિનુ લોકાર્પણ કરવામાં આવશે. આ સમારોહના અધ્યક્ષ સ્થાને જોધપુરના વરિષ્ઠ સાહીત્યકાર મીઠેશ નિર્મોહીજી અતિથિ વિશેષ તરીકે કવિ હર્ષદ ત્રિવેદી તેમજ પ્રતિષ્ઠીત કથાકાર કીરીટ દુધાત પ્રો અનુપા ચૌહાન સાહિત્યકાર મણીભાઇ પ્રજાપતિ,રામસાગરસિંહ ,ડો ઈશ્વરસિંહ ચૌહાન દલપતભાઈ ચૌહાણ ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. મથુરભાઈ જેસંગભાઈ ઓડ, ઉ.વ. ૬૭
- સ્વ. કાન્તાબેન ચંદ્રશંકર જાની, ઉ.વ.૯૮
- સ્વ. વસંતકુમાર આત્મારામ ભાઈ પરમાર, ઉ.વ.૫૧
- સ્વ. ખોડાજી મગનજી ઠાકોર, ઉ.વ. ૮૦
- કમળાબેન રામબલી પાસી, ઉ.વ.૭૮
- સ્વ. જયાબેન જગદીશભાઈ પટેલ, ઉ.વ.૫૦

# વસંતઋતુના બારણે ટકોરા

**ઠંડી અને ગરમીનું પ્રમાણ સમાન થયું, પાનખર અને નવા પર્ણોનું ગામન, ૨૧મી માર્ચે દિવસ-રાત એક સરખા**



ગાંધીનગર, તા.૧૬

શિયાળો ધીમે ધીમે વિદાય લઈ રહ્યો છે ત્યારે વાસંતી વાયરા થકી વસંત ઋતુના બારણે ટકોરા પડ્યા છે. વસંતઋતુના આગમનથી થતાં ફેરફારો સૌ કોઈ અનુભવે છે. જેમાં ઠંડી અને ગરમીનું પ્રમાણ એક સરખું બની જાય છે. હાલમાં દિવસ દરમિયાન આંશિક ગરમી અનુબવાય છે ત્યારે વહેલી સવાર અને સાંજ પછી પ્રમાણસરની ઠંડી લાગે છે. કુદરતની આ લીલામાં વૃત્રો ઉપરથી પાનખરે છે જયારે નવા પર્ણો ખીલી ઊઠે છે. ૨૧મી માર્ચે દિવસ-રાત એક સરખા થયા પછી ઉનાળાની શરુઆત દઝાડતા સ્વરુપે જોવા મળશે.

વસંતઋતુના ધીમે પગલે આગમન સાથે જ પૃથ્વી ઉપર તેના ફેરફારો થાય છે. જે મુજબ ફેબ્રુઆરી માસમાં દિવસ લાંબો થતો જાય છે અને રાત્રી ટૂંકાય છે. હાલમાં સંધ્યાકાળ લગભગ ૭.૧૫ સાંજે તતી જોવા મળી રહી છે જે પહેલાં ૬.૦૦ વાગ્યા આસપાસ થતી હતી. જયારે સૂર્યનું આગમન એટલે કે સૂર્યોદય પણ વહેલો થઈ રહ્યો છે. વસંતઋતુમાં પવનોના સુસવાટ વર્તાય છે અને વૃક્ષો પણ પોતાનો શણગાર એવા પર્ણોને ત્યજીને નવા પર્ણો રૂપી અલંકાર ઓઠે છે. ઠંડી પણ ધીમે ધીમે ઓછી થતી જાય છે જેનો અંત માર્ચ મહિના દરમિયાન પુર્ણ રીતે અનુભવી શકાય છે.

વસંતઋતુના ઉત્સવોની શરુઆત પણ તેના આગમનથી થતી હોય છે જેમ કે હોળી, ધુળેટી, ગુડી પડવો અને ચેટીચાંદ જેવા મુખ્ય પર્વો ઉજવાય છે. ૨૧મી માર્ચે દિવસ-રાત એક સરખા થાય છે. જેમાં સૂર્યના કિરણો વિષુવવૃત પર સીધા સીધા પડતા હોવાથી પૃથ્વી ઉપર રાત-દિવસ સરખા બને છે. વસંતઋતુમાં રોગ પ્રતિકારક શક્તિનો ઘટાડો થતો હોય છે. જેનું કારણ ઠંડી અને ગરમીનો સમાન અહેસાસ માનવી કરે છે. જેનાથી શરદી, ખાંસી અને તાવ જેવો રોગ આક્રમણ કરતાં હોય છે. માર્ચ માસથી ગરમીનું પ્રમાણ ક્રમશઃ વધતુ જાય છે જે ધીમે ધીમે ઉગ્ર સ્વરુપે પહોંચી ગરમીની પરાકાષ્ઠાનો અનુભવ કરાવે છે.